૮૦% થી વધુ મંદબુધ્ધિ દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતની યોજનાનું નામ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૩/૨૦૨૧.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૨/૦૧/૨૦૨૧ નો પત્ર ન. અપગ/યોજના/૨૦-૨૧/૦૬.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૦ના સરખા ક્રમાંકના ઠરાવથી ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમ (૨)ના સુધારા ઠરાવથી " ૮૦ % કે તેથી વધુ માનસિક દિવ્યાંગતાને બદલે ૮૦ % કે તેથી વધુ મંદબુધ્ધિ ધરાવતા" એમ વાંચવાનું ઠરાવેલ છે તેમજ અન્ય શરતો બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ૮૦ ટકા કે તેથી વધુ મંદબુધ્ધિ ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતની પ્રસ્તુત યોજનાનું નામ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે ૮૦ ટકા કે તેથી વધુ મંદબુધ્ધિ ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતની યોજનાનું નામ " બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય " (**" Financial Assistance to Persons with Intellectual Disability (Mental Subnormality)" એમ આથી નક્કી કરવામાં આવે છે.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા / બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.